Price Rs. 2/-

# પાટણ પ્રતિબિંબ

## શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર

વર્ષ ૩ ★ સળંગ અંક ૩૧ ★ એપ્રિલ, ૨૦૦૯ ★★★ Regd. No.MH/MR/South-135/2009-11
RNI Regd. No. MAHGUJ / 2006 / 18379

### પ્રમુખ સ્થાનેથી.....

સ્નેહી સ્વજનો,
જય જિનેન્દ્ર !

All happenings are parables whereby god speaks. The art of life is to get the message.

તા.૨૯-૩-૨૦૦૯ ના રોજ શ્રી પાટણ જૈન મંડળની વ્યવસ્થાપક સમિતિની ચુંટણી માટેનું મતદાન શાંતિપૂર્ણ અને વ્યવહારિક પણે રંગેચંગે પરિપૂર્ણ થયું. ચુંટણી માટે ઉભેલ ૩૩ ઉમેદવારોમાંથી ૨૫ ઉમેદવારો ની ચુંટણી કરવામાં આવી. ચુંટાયેલ સઘળા જુના તથા નવલોહિયા યુવા કાર્યકરોને મારા હાર્દિક અભિનંદન આપતા મંડળની વ્યવસ્થાપક સમિતિમાં હૃદયપૂર્વક આવકારતા આનંદની લાગણી અનુભવું છું. હું સ્વતંત્રપણે માનું છું કે, આપ સૌની જવાબદારી અનેક ગણી વધી ગઈ છે. તમારા સૌ તરફ સમાજની આસ્થા અને અપેક્ષા બન્ને છે. આપ સૌની નૈતિક ફરજ છે કે, બદલાતા સમીકરણો અને સમયની સાથે આપણાથી બનતું સઘળું કાર્ય પ્રમાણિક પણે કરી યથાર્થ યોગદાન આપવું આવશ્યક છે. કારણ કે મતદારોએ મુકેલ વિશ્વાસ એ જ આપણો શ્વાસ હોવો જોઈએ.

સમાજ સેવા એ જ પ્રભુ સેવા - એ ઉકિતને યથાર્થ બનાવવા સમાજની આંતરિક અનિવાર્યતા સમજી સ્વધર્મીવૃત્તિથી સક્ષમ ભૂમિકા ભજવવાનો સમય આવી પહોંચ્યો છે. તેનું મહત્વનું એક કારણ એ પણ છે કે, પોષણ, શિક્ષણ, સંરક્ષણ અને સંવર્ધન આ સઘળું સમાજની જ દેન છે. “સર્વે સુખીનો ભવન્તુ લોકા”ની ભાવના મૂર્તિમંત અને ચરિતાર્થ થવી જ જોઈએ. સમાજને સ્પર્શતા વિવિધ પ્રશ્નો પ્રત્યે જાગરૂકતા કેળવી કાર્યાન્વિત થવાની પ્રક્રિયા તાત્કાલિક ચાલુ કરી દેવી જોઈએ.

તા.૧૩-૪-૨૦૦૯ ના રોજ સર્વ શ્રી દિનેશભાઈ રસિકલાલ શાહ શ્રી પાટણ જૈન મંડળના પ્રમુખપદે બિનહરીફ ચુંટાઈ આવ્યા એ આપણાં સૌ માટે ગૌરવ અને ગર્વની વાત છે. શ્રી દિનેશભાઈ જેવી સક્ષમ, કાર્યક્ષમ, સેવાભાવિ અને સમર્પિત વ્યકિતના હાથમાં સંસ્થાનું સુકાન આવ્યું એ જ એમની લોકચાહનાની નિશાની છે. સ્વસ્થ સમાજ અને સુવ્યવસ્થિત સમાજ રચના માટેના અવિરત પ્રયત્નો કરવા એ તેમની ઉત્કૃષ્ટ પ્રાથમિકતા રહેશે. સંસ્થા અને સમાજ માટે તેઓએ કરેલ કાર્યો અને સેવા બદલ તેમને મળેલ અસ્ખલિત પ્રેમ અને આનંદની અનુભૂતિથી પ્રેરાઈ કાર્યમાળાની નવી કેડી કંડારવાની તેમની ખેવના છે.

૧૫ વર્ષના દીર્ઘકાળ સુધી પાટણ કો-ઓપ.બેન્ક લિ.ના ચેરમેન તથા વાઈસ ચેરમેન પદની જવાબદારી સફળતાપૂર્વક નિભાવી, શ્રી દિનેશભાઈ રસિકલાલ શાહે શ્રી પાટણ જૈન મંડળમાં પ્રમુખપદ સંભાળવા પાટણ કો-ઓપ.બેન્ક લિ.ના ચેરમેન પદેથી રાજીનામું આપતાં, તેમની જગ્યાએ શ્રી દિનેશભાઈ શાંતીલાલ શાહની ચેરમેન તરીકે સર્વાનુમતે વરણી કરવામાં આવી છે. શ્રી દિનેશભાઈ શાંતીલાલ શાહની કાબેલિયત અને અનુભવનો નિચોડ તેમની કાર્યપધ્ધતિમાં જરુર પડઘાશે અને નીખરી આવશે. તેઓ બેન્કને વધુને વધુ પ્રગતિને પંથે દોરી જાય તેવી શુભેચ્છા આપણે સૌ તેમને પાઠવીએ છીએ. પ્રગતિના પગથાર પર સંસ્થા સદૈવ તેમની સાથે છે.

સંસ્થાના ઉપપ્રમુખ શ્રી વિરેન્દ્રભાઈ પોપટલાલ શાહ (મલ્લાતનો પાડો) તરફથી તેમના પિતાશ્રી શ્રી પોપટલાલ ભીખાચંદ ઝવેરીની પૂણ્ય સ્મૃતિમાં શ્રી પાટણ જૈન મંડળ પ્રેરીત સમાજ વિકાસ ફંડમાં રૂા.૧૧ લાખની માતબર રકમ સમર્પિત થયેલ છે, જેના દ્વારા મજકુર ફંડને અધિક પુષ્ટિ મળેલ છે. જે બદલ દાતાશ્રીના પરિવાર પ્રત્યે હું આભાર ભાવ વ્યકત કરું છું.

આપ સૌને વિદિત જ છે કે, શ્રી પાટણ જૈન મંડળે નૂતન અભિગમ અપનાવી સમાજ વિકાસ ફંડનું અનન્ય અભિયાન છેડયું છે. આપણાં જ જ્ઞાતિબંધુઓને આપણે સહાયભુત બની શકીએ તેવા શુભ આશયે આપ સર્વેને ઉકત ફંડમાં વધુને વધુ રકમ નોંધાવી સમાજ પ્રત્યેની આપણી નૈતિક સભાનતાને વાચા આપીએ.

સંસ્થાના પ્રમખપદના મારા કાર્યકાળ દરમ્યાન આપ સર્વે શુભેચ્છકોએ આપેલ અનન્ય સાથ અને સહિષ્ણુતાએ મને નવું જોમ અને જીવન બક્ષ્યા છે, તેનો મને સર્વાધિક આનંદ છે. હું આપ સૌનો ફરી ઋણ સ્વીકાર કરી આભારની લાગણી વ્યકત કરૂં છું.

Everything in your life is there a vehicle for your transformation. Use It !

આભાર...

નવિનચંદ્ર નેમચંદ શાહ
પ્રમુખ, શ્રી પાટણ જૈન મંડળ

## સંપાદકીય......

શ્રી પાટણ જૈન મંડળની સને ૨૦૦૯-૧૦ થી સને ૨૦૧૧-૧૨ ના વર્ષ માટેની વ્યવસ્થાપક સમિતિના ૨૫ (પચ્ચીસ) સભ્યોની ત્રિવાર્ષિક ચુંટણી તા.૨૯-૩-૨૦૦૯ ના રોજ યોજાઈ ગઈ. મંડળના સભ્યોએ મતદાનમાં ઉત્સાહભેર ભાગ લીધો અને સંસ્થા પ્રત્યે પોતાની નિષ્ઠા તથા મતદાન માટેની પ્રસંશનીય પરિપકવતાના દર્શન કરાવ્યા. મોટી સંખ્યામાં ઉમેદવારો હોવા છતાં સંપૂર્ણ મિત્રતાભર્યા વાતાવરણમાં મતદાન થયું.

સંસ્થા દ્વારા પાટણના જૈન સમાજની સેવા કરવાની ઉદાત્ત ભાવનાથી ભર્યા અગાઉના અનુભવી સભ્યોની સાથે સંસ્થાના કાર્યમાં પોતાને ઉમંગભેર જોડવાના સ્વપ્નાથી ભરેલા સમાજના યુવાનોને, પોતાની સેવા શકિતનો લાભ આપવાની મહેચ્છાઓ પુર્ણ થાય તેવી શુભેચ્છાઓ સમાજના નવલોહીયા યુવાનો તથા ઘડાયેલા કાર્યકરો સમાજની પ્રગતિ માટેના આ સેવા યજ્ઞમાં જોડાઈને પોતાની શકિતનો લાભ સમાજને આપશે.

કાર્યવાહક સમિતિના સભ્યોમાંથી મંડળના પ્રમુખની પસંદગી પૂર્ણ થયે સંસ્થાના સુચારૂ વહીવટ માટે વિવિધ કમિટીના ગઠનની પ્રક્રિયા પણ ચાલુ થશે. અનુભવી કાર્યકરોની સાથે નવા જોડાયેલા સભ્યો પણ પોતાની યથાશકિત સેવા આપવા આગળ આવે અને જુના તથા નવા સભ્યોની શકિતના સમન્વય દ્વારા શ્રી પાટણ જૈન મંડળ, પોતાની શતાબ્દીની મંઝીલ સર કરવા સમયે સમાજને આવનાર વર્ષો માટે વધુ લાભદાયી અને પરિણામલક્ષી યોજનાઓ આપે તેવી આશા રાખીએ છીએ.

નમ્રતાપૂર્વક એક લાગણી વ્યકત કરવાનું જરૂરી સમજીએ છીએ. સદ્દનસીબે પાટણનો જૈન સમાજ સુશિક્ષિત હોવા સાથે સુસંસ્કારી અને સરખામણીમાં આર્થિક રીતે સુદૃઢ પણ છે. આવા શકિતશાળી સમાજનો શ્રેષ્ઠ ઉપયોગ કરીને સમાજના સર્વેને સ્વમાનભર્યુ ઉચ્ચ સ્થાન પ્રાપ્ત થાય તેવા આયોજનો પ્રત્યે વધુને વધુ ધ્યાન કેન્દ્રીત કરશે.

શ્રી પાટણ જૈન મંડળ ફકત જરૂરિયાતવાળા પરિવારોને રાહત આપવાની પ્રવૃત્તિ કરતી જ સંસ્થા ન બની રહે પરંતુ તેમને સ્વાવલંબી કરી ઉચ્ચ જીવન ધોરણ મેળવવા માટેની સહયોગી સંસ્થા બની રહે.

સંસ્થાની અગાઉથી કાર્યરત પ્રવૃત્તિઓ અંગે યોગ્ય ફેરવિચારણા કરીને આ પ્રવૃત્તિઓ અનુરૂપ ખર્ચ થાય અથવા તે માટે વધારાની જરૂરિયાતો રહે તો સંબંધીત દાતાઓનો સંપર્ક સાધી યોગ્ય આવક ઉભી કરવાના પ્રયાસો કરવા જરૂરી લાગે છે. દાનનો યથાયોગ્ય ઉપયોગ દાતાને સંતોષ આપી વધુ દાન આપવા માટે પ્રોત્સાહિત કરવા પ્રયત્નશીલ રહેશે. ❑ સંપાદક સમિતિ

## મંડળની વિવિધ પ્રવૃત્તિઓના અરજીફોર્મ તથા સહાય મેળવવા માટેની વ્યવસ્થા

ધો.૧ થી કોલેજ તથા ત્યાર પછીના ડીગ્રી-ડીપ્લોમા અભ્યાસ કોર્ષ માટેની દરેક શિક્ષણ સહાય, કોમ્પ્યુટર, પોસ્ટ ગ્રેજયુએશન, હાયર એજ્યુકેશન, પરદેશ અભ્યાસ, ટયુટોરીયલ વર્ગ ફી, સી.એ. કોર્ષ વગેરે શિક્ષણ ક્ષેત્રના તમામ અભ્યાસક્રમમા શિક્ષણ સહાય, ભાડા રાહત, આર્થિક સહાય, સીનીયર સીટીઝન-વૃધ્ધજન સહાય, મેડીકલ ક્ષેત્રે, ડોકટરે લખી આપેલ દવાઓ તથા ઈન્વેસ્ટીગેશન નિદાન માટે કેન્સર, નેત્ર, હાર્ટ સર્જરી, મેડીકલેઈમ વિગેરે ઉપરાંત મહિલા ઉત્કર્ષ તથા વિકલાંગ ઉત્કર્ષ જેવી દરેક પ્રકારની સહાય માટે મંડળ સમાજના જરૂરિયાતવાળા કુટુંબોને સહાયક થાય છે. **સહાયની વિગતો એકદમ ખાનગી રાખવામાં આવે છે. જેથી દરેકે તેનો વિનાસંકોચે લાભ લેવા વિનંતી છે.**

સંસ્થાએ સમાજના જરૂરિયાતવાળા કુટુંબોને, વિદ્યાર્થી ભાઈ-બહેનોને મેડીકલ ક્ષેત્રે તથા શિક્ષણ ક્ષેત્રે વધુમાં વધુ સહાયક થવાની નૂતન યોજનાઓ તૈયાર કરેલ છે. જેનો બહોળા પ્રમાણમાં લાભ લેવાય તે માટે સંસ્થાના મુખ્ય કાર્યાલયમાંથી વિગતો સમજી લેવા વિનંતી છે. શિક્ષણ ક્ષેત્રના નૂતન અભિગમ અને ક્રાંતિકારી પરિવર્તનથી દરેક વિદ્યાર્થી ગ્રેજયુએટ કે ડીપ્લોમાનો અભ્યાસ પૂર્ણ કરે તે માટેના સંસ્થાના આયોજનોને સાકાર કરવાના મહત્તમ પ્રયાસો કરવામાં આવેલ છે. આ પ્રકારના દરેક સહાયના અરજીપત્રકો તા.૧૦-૫-૨૦૦૯ થી નીચેના સ્થળેથી મેળવી શકાશે.

ઉપરોકત દર્શાવેલ વિવિધ પ્રકારની આર્થિક સહાય યોજનાઓનો લાભ લેવા ઈચ્છતા ભાઈ-બહેનોને તેમના ફોર્મ ભરીને, મંડળના કાર્યાલયમાં **તા.૧૫-૬-૨૦૦૯ સુધીમાં** મોકલી આપવા અનુરોધ છે.

**૧. શ્રી પાટણ જૈન મંડળ - મુખ્ય કાર્યાલય :**
૭૭, પાટણ જૈન મંડળ માર્ગ, મરીન ડ્રાઈવ, મુંબઈ-૪૦૦૦૨૦.
સમય : ૧૦.૩૦ થી ૧.૩૦
બપોરે ૨.૩૦ થી ૬.૦૦ ફોન : **૨૨૮૧૧૩૪૬, ૨૨૮૧૧૨૧૮**

**૨. શ્રી પાટણ જૈન મંડળ - શાખા કાર્યાલય**
રૂપમ, ગ્રાઉન્ડ ફલોર, ૧૫૨, જવાહરનગર, ગોરેગામ-વેસ્ટ, મુંબઈ-૪૦૦૦૬૨. સમય : ૧૦.૦૦ થી ૧.૦૦ બપોરે ૪.૦૦ થી ૭.૦૦
ફોન : **૨૮૭૭૬૦૯૦**

**૩. શ્રી પાટણ જૈન મંડળ - શાખા કાર્યાલય**
બ્લોક નં.૧, ગ્રાઉન્ડ ફલોર, એ-૨૩, રતનનગર, ડી.એન.દુબે માર્ગ, બોરીવલી-ઈસ્ટ, મુંબઈ-૪૦૦૦૬૮.
સમય : સવારના ૧૦.૦૦ થી ૧.૦૦ બપોરે ૩.૩૦ થી ૬.૩૦
ફોન : **૨૮૯૧ ૧૩૦૮**

**૪. શ્રી પાટણ જૈન મંડળ - શાખા કાર્યાલય**
ઠે. શેઠ પ્રમોદકુમાર કેશવલાલ અતિથિગૃહ, પીપળા શેર, પાટણ (ઉ.ગુજરાત), પિન - ૩૮૪૨૬૫. ફોન : **૨૨૦૭૧૫**

❑ શ્રી પાટણ જૈન મંડળ

# ગૌરવવંતી ગુજરાતી–મારી માતૃભાષા

❑ **શ્રીમતી ભાવીની જનકભાઈ શાહ**

સદીઓ જુના ભૂતકાળ પર એક નજર નાખતા આદિમાનવની છબી આકૃત થાય છે. જેને ભય, ગુસ્સો, રૂદન, હાસ્ય બધી જ લાગણીઓ થતી હશે નહિ ? પણ અભિવ્યકિત. તેની પાસે અભિવ્યકિતનું માધ્યમ જ ન હતું.... ધીરે ધીરે વસ્તી વધી, સમાજ બન્યો, મનુષ્ય સમાજમાં રહેવા લાગ્યો, સમજ આવી સાથે સાથે પરિવર્તન અને ઉન્નતિ આવી અને લાગણીઓ વ્યકત કરવાની સમજ આવી - માધ્યમ વડે - ભાષાના માધ્યમ વડે, કદાચ ભાષા ન હોત તો લોકો કઈ રીતે એકબીજા સાથે સંવાદ કરત ? .

બાળક પારણામાં હોય અને માતા તેને હાલરડા ગાઈને સુવડાવે, કાલીઘેલી બોલીમાં રમાડે ત્યારે બાળક સમજે તે ભાષા તેની માતૃભાષા. માતૃભાષા - કેટલો નિર્મળ અને પવિત્ર શબ્દ છે. માતાના ઉચ્ચ સ્થાને બેસાડી છે આપણી ભાષાને. મનુષ્યના બાળપણથી લઈને મૃત્યુ સુધીની સફરમાં માતૃભાષાનું ઉંચુ પ્રદાન હોય છે. પહેલા બાળક બોલતું થાય, પછી લખે. ઘરમાં પણ માતૃભાષા બોલાય એવી મારી પ્યારી માતૃભાષા - ગુજરાતી અને તેથી જ મને ગુજરાતી હોવાનું ગૌરવ છે.

સંસ્કૃતમાંથી આવેલી અને દેવનાગરી લિપિમાં લખાતી એવી આ ગુજરાતી ભાષાના આપણે વારસ છીએ. આપણી ભાષાનો અમૂલ્ય ખજાનો અને વારસો સદીઓથી મળતો આવ્યો છે. નરસિંહ મહેતા, મીરાંબાઈ, દલપતરામ, નર્મદ, લોખંડી પુરૂષ વલ્લભભાઈ પટેલ અને વિશ્વ પુરૂષ ગાંધીજી. આ સહુ મહાપુરૂષો ગુજરાતી જ હતા. ગુજરાતી ભાષાએ ઘણું આપ્યું છે - ઘણું લખાયું છે. અલભ્ય લેખો, નવલકથાઓ, સદીઓ સુધી કાનમાં ગુંજારવ કરતા મધુર ગુજરાતી ગીતો અને કવિતાઓ - જેને આપણે સાચવવાના છે અને ભવિષ્યની પેઢીને પહોંચાડવાના છે. ગુજરાતી શબ્દકોષ ભગવદ્દગોમંડલ કદાચ સૌથી સમૃધ્ધ કક્ષાનો શબ્દભંડોળ છે. આપણાં હાલરડાં, લોકગીતો, પ્રહસનો, નાટકો, ગરબાઓમાં ગુજરાતી માટીની મહેંક છે. ધીરૂભાઈ અંબાણી હોય કે કલ્પેન પટેલ (કાલપેન) દરેકે પોતપોતાના ક્ષેત્રમાં ગુજરાતનું ગૌરવ વધાર્યુ છે. સ્વાદના ચટાકામાં તો ગુજરાતની વાત જ ન્યારી છે. ગુજરાતી વાનગીઓએ માત્ર ભારત જ નહિ સમગ્ર જગતને ઘેલું લગાડયું છે. આપણાં ગરબાની હલક દેશવિદેશમાં પ્રસરી છે.

આજે ઘેર ઘેર અંગ્રેજીનું ચલણ વધી ગયું છે અને સાથે સાથે પેઢીઓ વચ્ચેનું અંતર પણ વધ્યુ છે. આ અંતર ઘટાડવા, ઘરના વડીલો, દાદા-દાદી સાથે વાતચીત કરવા આપણી માતૃભાષા જ ઉપયોગમાં આવે છે. બાળકોમાં સંસ્કારનું સિંચન અને પાયાનું ઘડતર માતૃભાષા જ કરે છે. આજના યુગમાં Globalization માં અંગ્રેજી એ વ્યવહારની ભાષા બની છે, માટે તેનું જ્ઞાન અને શિક્ષણ જરૂરી છે. પરંતુ માતૃભાષાના ભોગે તો હરગિજ નહીં જ.

આજે જયારે આપણી માતૃભાષાનું ભાવિ ધૂંધળું અને ડામાડોળ છે, ત્યારે આપણે સહુએ કમર કસવી જ રહી. ઘરમાં ૪૦-૫૦ વર્ષથી ઉપરની વ્યકિતઓ નિર્ધાર કરી ઘરના નાના સભ્યોને ગુજરાતી ભાષાનું શિક્ષણ આપવાનો નિર્ણય કરે. સારી સારી બાળવાર્તાઓ અને કવિતાઓનું નાટયમય રૂપ આપી શીરાની પેઠે ભાષાના અમૃત કોળિયા ભરાવે તો ચોકકસ વિશ્વાસ છે, આપણી ભાષા કયારેય નોધારી નહિ બને. મુનશી અને ત્રિપાઠી, સુરેશ દલાલ અને હરીન્દ્ર દવે સદીઓ સુધી વંચાતા અને સંભળાતા રહેશે.

આપણી માતૃભાષા એ આપણાં સંસ્કારોની પરિભાષા છે. ભવિષ્યની આશા અને ગુજરાતની ગરિમા છે. ગુજરાતી હોવાને નાતે ચાલો સૌ પ્રણ લઈએ કે, મને મારા ગુજરાતીપણાંનું ગોરવ છે અને તેની ગરિમા હું આજીવન જાળવીશ અને તેના વિકાસમાં બને એટલો ફાળો આપીશ.

**શ્રી પંચાસરા પાર્શ્વનાથાય નમઃ**

પાટણ કસુંબીયાવાડાના **શ્રી વિજયકુમાર હીરાલાલ શાહ તથા શ્રીમતી સરલાબેન વિજયકુમાર શાહ -બન્નેના વર્ષીતપની મહાન તપસ્યા નિર્વિઘ્ને પૂર્ણ થઈ તે નિમિત્તે નિચેની વિગતે સંસ્થાઓને દાનની રકમ આપેલ છે.**

| | |
|---|---|
| **૧,૦૦,૦૦૦/-** | **શ્રી પાટણ જૈન મંડળ -સમાજ વિકાસ ફંડ** |
| **૧,૦૦,૦૦૦/-** | **શ્રી પાટણ જૈન મંડળ- આર્થિક સહાય કોરપસ ફંડ** |
| **૫૦,૦૦૦/-** | **શ્રી પાટણ જૈન મંડળ - શ્રુતજ્ઞાનપ્રદાન નિધિ** |
| **૧,૦૦,૦૦૦/-** | **શ્રી પાટણ પાંજરાપોળ - પશુઓના શેડ માટે** |
| **૧,૦૦,૦૦૦/-** | **નાસિક પંચવટી હોસ્પીટલમાં ડાયાલીસીસ મશીન તથા બેડ ઉપર નામ માટે** |
| **૫૧,૦૦૦/-** | **વર્ધમાન આયંબીલ ખાતુ, રતલામ કાયમી પ્રભાવના ફંડ ખાતે** |

**: અનુમોદન કર્તા :**

**શ્રી હિતેનભાઈ ચંપકલાલ કેશવલાલ શાહ**(વીમાવાળા)
(ખેતરવસી)

**લગ્ન સંબંધી**

Name : **Milind Deepak Shah**

Father : **Deepak Shah** Mother : **Varsha Shah**

Date of Birth : **18-06-1980** Height : **5' x 10"**

Mahollo : **Vasupujya ni Sheri, Fofalia Vado**

Qualification : **M.B.A. ( Fin. U.S.A. ), C.F.A.(India) C.F.A. (U.S.A.)**

Address : **Atlanta (U.S.A.)**

Contact No. : **India : (022) 2369 1567**
**Mobile : 98198 60863,**
**Mobile : 98194 66844**

**Visiting INDIA in Mid. May-2009**

# ભવિષ્ય ચિંતાપ્રેરક છે.

દશ-બાર વર્ષ પછીનું જગત કેવું હશે ? ભારત કદાચ સુપરપાવર થઈ જશે. સવાલ એ છે કે, અત્યારે જે સુપરપાવર છે, એ સુખી છે ખરા ? બાર વર્ષ પહેલાં ટવેન્ટી-૨૦ મેચ ન હતી. બાર વર્ષ પછી ટેન-૧૦ મેચ હોય તો નવાઈ નહીં લાગે. બધુ જ બદલાવાનું છે. ગ્લોબલ વોર્મિંગની જગ્યાએ કોઈ વધુ બિહામણો શબ્દ વપરાતો હશે અને પ્રદુષણ વધુ ઝડપે બગડતું હશે. રસ્તાઓ હિરોઈનોના ગાલ જેવા થશે અને વાહનો જેમ્સ બોન્ડની કાર જેવા થશે. છોકરાઓ પાટી-પેનને બદલે લેપટોપ લઈને ભણવા જતા હશે. તમારા બધા વ્યવહારો મોબાઈલથી જ થતાં હશે. ટી.વી.જોવું છે, મોબાઈલમાં જુઓ, ફિલ્મ પણ મોબાઈલમાં.

એવરીથિંગ વિલ બી ડિજિટલ, કદાચ તમે અને હું પણ, માણસના શરીરમાં એક ચિપ હશે, જે બધા જ રેકર્ડ રાખશે. તમારૂ બ્લડપ્રેશર કેટલું છે ? શુગર લેવલ કયાં પહોંચ્યું ? હાર્ટની હાલત શું છે ? ચિપ એલર્ટ કરશે કે સાવધાન, તમારા પર ખતરો છે. તમારો કંટ્રોલ તમારા પર નહીં હોય. ચિપના હાથમાં કંટ્રોલ હશે.

આ ચિપ (chip) આપણું જીવન ચીપ (cheap) ન કરી નાખે એ કોણ જોશે ? આખી જનરેશન ચેન્જ થઈ જશે. બધું જ ફાસ્ટ. ગતિ બધુ જ ધબકતું રાખે છે. જો કે, સવાલ ગતિનો નથી, પ્રશ્ન મતિનો છે.

મલ્ટિપ્લેકસની સંખ્યા વધે એનો વાંધો ન હોય પણ મેન્ટલ હોસ્પીટલની સંખ્યા સામે સવાલ થાય. પરિવર્તન બે જાતના હોય છે. અંદરી અને બહારી. બહારનું ભલે બદલાય. ધ્યાન અંદરનું રાખવાનું છે. માણસના કપડાં ભલે બદલાય, પેન્ટની બોટમ કે સ્કર્ટની લંબાઈ વધે-ઘટે એનો વાંધો નથી, આત્માનું ઉંડાણ છીછરું ન થઈ જાય એ જરૂરી છે.

બાર વર્ષ પછી જગત કેવું હશે ? એ વિચારની સાથે થોડુંક એ વિચારવાની જરૂર છે કે, બાર વર્ષ પહેલાં જગત કેવું હતું અને આજે કેવું છે ? ઘણું બધું બદલાઈ ગયું છે.

શબ્દો હવે લખાતા નથી પણ કી-ઈન થાય છે. પત્રો પોસ્ટ નથી થતાં, એક કિલકની સાથે સાત સમંદર પાર પહોંચી જાય છે. ટચુકડા મોબઈલથી ગમે ત્યારે, ગમે ત્યાં અને ગમે એનો સંપર્ક કરી શકાય છે. સાયન્સે ક્રાંતિ કરી છે. સંદેશાવ્યવહાર ફાસ્ટ થયા છે. પણ સંદેવના ? શબ્દો સંકોચાતા જાય છે અને અર્થો બદલાતા જાય છે. સંબંધો હવે એસએમએસથી ફોરવર્ડ કરી દેવાય છે. મલ્ટિ મેસેજિંગથી એકસાથે હજારને સંદેશો મળી જાય છે.

સંપર્કો વધ્યા છે પણ સંબંધો ? ફ્લેટમાં એક દીવાલની પાછળ રહેતો પડોશી હવે પહેલો સગો નથી. માણસ-માણસથી થોડો-થોડો દૂર થાય છે. આપણા લોકો પણ કેટલા આપણા છે ? હની, આઈ લવ યુ. આ શબ્દોનો ઉપયોગ વધ્યો છે પણ હનીની / લવની મીઠાશ ઘટી છે.

**સપ્તપદીના ફેરા તો સાત જ છે પણ સાથે ચાલવાના ડગલાં ઘટયા છે.** પ્રાયોરિટીઝ બદલાઈ છે. કરિયર, ગોલ, અચિવમેન્ટ્સ, એવોર્ડઝ, સેલિબ્રેશન. પણ ઘર કયાં ? પરિવાર કયાં ? પ્રેમ કયાં ? પ્રાયોરિટીઝના લિસ્ટમાં આ બધુ નીચે દબાતું જાય છે.

બધુ બદલાયું છે અને ઘણું બદલાશે પણ તમારે બદલાવું કે નહીં એ તમારા હાથમાં છે. **પ્રવૃત્તિ બદલાય એનો વાંધો નથી, પ્રકૃતિ ન બદલાવી જોઈએ.** શું બદલાયું છે એની સાથે થોડોક બીજો વિચાર પણ કરીએ કે શું નથી બદલાયું ? જમાનો ભલે ગમે એટલો ફાસ્ટ થયો, બાળક હજુ નવ મહિને જ જન્મે છે. દિવસ સવારે જ ઉગે છે. કુંપળની ઋજુતા અને ફૂલની સુગંધ કયાં બદલાઈ છે ? પાંદડા પર બેઠેલું ઝાકળનું બિંદુ હજુ એટલુ જ ચમકે છે.

મા નથી બદલાઈ. હજુ એવી જ છે. પેલા ગીત જેવી, ભીને સુઈને સુકે સુવડાવનારી. દીકરી આજેય વહાલનો દરિયો છે. દીકરો

હજુયે કુળદીપક છે. તો પછી પતિ-પત્ની કેમ બદલાયા છે ? કારણ કે આઈ (I) અર્થાત 'હું' દિવસે ને દિવસે મોટો થતો જાય છે. આઈ (I) જેમ મોટો થાય તેમ વ્હાય (why)વધે, વ્હાય વધે એટલે હાય વધવાની જ છે.

છૂટાછેડા વધશે કે લગ્નો જ ઘટી જશે ? લિવ-ઈન-રિલેશન. ફાવે તો રહેવાનું નહીં તો નથી રમતાં. છુટ્ટા. તું તારા રસ્તે અને હું મારા રસ્તે. ફાઈન ! કંઈ ખોટું નથી. પણ કયારેય એ વિચાર્યુ છે કે આ રસ્તા કયાં જાય છે ?

શાંતિ હવે શિબિરોમાં ફી ચુકવીને ખરીદવી પડે છે. હસવા માટે લાફિંગ કલબ જોઈન કરવી પડે છે. ગુરૂઓનો અંચળો ઓઢીને ફરતા બાવાઓની સંખ્યા વધી છે. સાંત્વનોમાં સત્ત્વ નથી. મૃત્યુ હવે વધુ રડાવતું નથી. દસ સેન્ટિમીટરની જાહેરાત આપીને શ્રધ્ધાંજલિ આપી દેવાય છે. આંસુ લૂછવા કોઈ હાથ ગાલ સુધી પહોંચતા નથી. વાતચીતના શબ્દો સુગરકોટેડ થયા છે. ગ્લીસરિન મીઠું છે પણ આંખમાં જાય તો આંસુ જ લાવે. આંસુ કયારેય ચાખ્યુ છે ? આંસુની ખારાશ વધતી જાય છે. **સાંત્વનની મીઠાશ ઘટે ત્યારે આંસુની ખારાશ વધે.**

તસવીરો હવે દિલમાં કંડારાતી નથી પણ સ્ક્રીનસેવર પર સેવ થાય છે. પ્રોગ્રામીંગ જે એવું છે કે, સ્ક્રીન સેવ પરની તસવીરો આપોઆપ બદલાતી રહે છે. સ્મરણો મેમરી ચિપમાં ભંડારાય છે. બર્થ ડે અને મેરેજ ડેની યાદ મોબાઈલ એલર્ટથી આવે છે.

પેજ-થ્રી કલ્ચરમાં જીવનનું પહેલું પાનું ખોવાઈ ગયું છે. કોઈને મળવા માટે પાર્ટીઝ કરવી પડે છે. એપોઈન્ટમેન્ટ લીધા વગર કોઈને ત્યાં જવું એ ગંદી મેનર્સ ગણાય છે. બારણાઓ વધુ બિડાઈ ગયા છે અને પ્રેમ દીવાલ પર પેઈન્ટીંગ બની જડાઈ ગયો છે.

સમયની સાથે છરી વધુ તીક્ષ્ણ થતી જાય છે અને ઘા વધુ ઉંડા થતા જાય છે. જિવાડવાની દવા કરતાં મારવાનાં સાધનો વધુ બનવા લાગ્યા છે. પ્રલયોને પણ આતંકવાદીઓએ બાનમાં લઈ લીધા છે. સંહાર કરવો એ તો અમારો જ ઈજારો છે ! આવા ઈજારાના નઝારા રોજ છાપાંનાં પહેલા પાને હેડલાઈન બને છે ! ડાઈનિંગ ટેબલ પર ઈન્સ્ટન્ટ ફૂડ જમતા જમતા આપણે ટીવી સ્ક્રીન પર આરામથી આવા માનવસર્જિત પ્રલયોના દ્રશ્યો નિહાળી શકીએ છીએ. પિત્ઝાનો ટુકડો ચાવતાં-ચાવતાં અફસોસ કરીએ છીએ કે વોટ ઈઝ ધિસ નોનસન્સ કે ઓહ ગોડ જેવા ઉદ્‌ગાર કાઢી પિત્ઝાનો ટુકડો શીરાની જેમ ગળાની નીચે ઉતારી દઈએ છીએ. પેલો ડુમો કયાં ગયો ? શોધજો. કદાચ કયાંક મળી આવે તો ! સંબંધોનો સેન્સેકસ નીચે જતો જાય છે. ઘર કરતાં બજારનું મહત્વ વધે ત્યારે આવું જ થાય. આપણે પછી સંબંધોને દોષ દઈએ છીએ. આડા સંબંધો વધ્યા છે. પોતે આડા થયા છે એમ કોઈ કબૂલતું નથી. સંબંધો આડા-તેડા, વાંકા-ત્રાસા, ઉંચા-નીચા, જાડા-પાતળા કે લાંબા-ટૂંકા હોતા નથી. આપણે બદલાયા છીએ. સંબંધો એવા જ રહે, જેવા સંબંધો આપણે જીવીએ.

પ્રાયવસિને-એકાંતને પંપાળીએ છીએ અને પછી ફરિયાદ કરીએ છીએ કે કોઈ નજીક આવતું નથી. **હૃદય ઉપર ભાર વધતો જાય છે અને બ્લડપ્રેશરનો ફિગર મોટો થતો જાય છે.** ઉંઘની ગોળીઓનું ઉત્પાદન વધતું જાય છે અને એલાર્મનો અવાજ મોટો થતો જાય છે.

બચપણ હવે વીડિયો ગેઈમ્સમાં ખોવાઈ જાય છે અને યુવાની ફરિયાદોમાં વીતી જાય છે. પછી બુઢાપામાં તો નિસાસા જ હોય ને? હમણાં એક સમાચાર વાંચ્યા, પત્નીનું સ્થાન રોબો લેશે ! એ પછી સ્ત્રીઓનું શું થશે ? સ્ત્રીઓ પણ રોબો પતિ રાખશે. યુવતીઓ કહેશે, ડોબો કરતાં રોબો સારો. આપણે રોબોની બેટરી ચાર્જ કરીશું પણ પોતાની જાતને ચાર્જ નહીં કરીએ !

આત્માની બેટરી પણ ડાઉન થઈ ગઈ છે. થોડીક ચાર્જ તો કરો. **આધુનિકતાને આકાર આપતાં સંશોધનકારોને એવું કહેવાનું મન થાય છે કે, યાર ! થોડુંક કંઈક એવું તો બનાવો કે લૂણો લાગી ગયેલી સંવેદનાને સજાવી શકીએ, દિલ ખોલીને હસી શકીએ અને મન મૂકીને રડી શકીએ. એવું જળ શોધો જે ક્ષુબ્ધ થઈ ગયેલી સંવેદના પર છાંટીએ તો સંવેદના પાછી સજીવન થઈ જાય !**

આપણે બહુ બદલાયા. હજી કેટલું બદલાવું છે ? તમારે કેટલું બદલવું એ તો તમારા હાથની વાત છે. બાર વર્ષ પછી માણસ તો માણસ જ હશે, પણ માણસાઈ ? માણસાઈને મરવા ન દેતા. અને હા, **બધું ભલે સમુળગું બદલાઈ જાય, પણ એ દોસ્ત પ્લીઝ, તમે નહીં બદલાતા.** **( સંકલન .... અહા ! જિંદગી )**


**કોર્ન કણી, કપાસી કાપશો નહીં**

કોર્ન રીલીફ, કોર્નકેપ લગાવી પીડારહિત છુટકારો અમારી પાસે ટ્રીટમેન્ટ લઈ મેળવો. ટ્રીટમેન્ટ ફ્રી. ફકત પ્રોડકટનો ચાર્જ. ફાયદો ન થાય તો પૈસા પાછા

**(મેડીકલ સ્ટોરમાં ઉપલબ્ધ).**

**ફોન : ૨૦૩૧ ૨૧૩૬, ૨૩૮૪ ૦૧૭૩**

**Mobile : 98198 83459**



**પાટણમાં કોઈપણ મહોલ્લામાં ઘર જોઈએ છે.**

**: Contact :**

**શ્રી હેતલ દિપકભાઈ શાહ**

**Mobile : 93222 11912**



**મકાન વેચવાનું છે.**

પાટણમાં વસાવાડામાં આવેલું અમારૂં મકાન, જે લીલો બંગલો નામે જાણીતું છે. - તે વેચવાનું છે.

**: Contact :**

**શ્રી ગજેન્દ્રકુમાર અમૃતલાલ શાહ**

**ફોન : 2409 3313**

**Mobile : 99202 42998**

## સબકો દે સન્માન

**❒ શ્રી સુરેશભાઈ સુરજમલ ચોધરી**

રવિવારનો સૂરજ નમતો હતો અને મધ્યાહ્નનો ઉકળાટ શમતો હતો ત્યારે મનને તરબતર કરી દે એવી ભરીભરી સાંજની તાજગી હતી. સૂર્ય અને એની રંગીન દુનિયાને ઉછળતા સાગર કિનારે બેસી અમો પ્રસન્નતા અનુભવતા હતા.

રવિવારની રજા એટલે ઘરમાં રસોડાને પણ રજા. એમ મુંબઈની હોટલો બોલતી હતી. અમો એક કલબની કેન્ટીનમાં બેઠા હતા. સારી એવી ગિરદી જામી હતી અને કલબમાં કોઈ જાતની તકલીફ હોવાથી વેઈટરો અને અન્ય માણસો ઓછા હતા. ત્યારે અમારી બાજુના ટેબલ પર બેઠેલા ભાઈ-બહેન અને તેમના ફેમીલી સભ્યો ઘણાં સમયથી "એ પાણીવાલા પાણી લાવ જલ્દી" એમ વારંવાર કહેતા હતા. પણ કેમ જાણે પાણી આપવાવાળો છોકરો આંખ આડા કાન કરતો હતો. ત્યારે મને થયું કે આમાં અમારો નંબર પાણી કે નાસ્તામાં લાગશે જ નહીં. એટલે મેં ઉભા થઈને પાણી આપતા છોકરાને કહ્યું - "મેરે પ્યારે દોસ્ત હમે ચાર ગ્લાસ સાદા પાની ઔર પાંચ ગ્લાસ ઠંડા પાની પિલાયેગા તો બડી મહેરબાની તેરી. ભગવાન તેરા ભલા કરેગા". ડોકું ધુણાવી તે ચાલતો થયો.

થોડીક વારમાં જ તે પાણી લઈને આવ્યો ત્યારે મેં તેનો આભાર માન્યો. તે કહેવા લાગ્યો, સાબ ગિરદી બહુત હૈ, ઔર આદમી કમ હૈ, આપ કો જો કુછ ચાહિયે મુઝે બોલ દીજીએ મેં આપકો લા દેતા હું.

આ જોતાં જ બાજુના ટેબલ પર બેઠેલા ભાઈ ખુબ જ ગુસ્સે થઈ ગયા અને પાણી આપતા છોકરાનો હાથ પકડી કહેવા લાગ્યા,

અમો કેટલા બધા સમયથી કહીએ છીએ છતાં પણ પાણી નથી આપતો અને આ ભાઈને તરત જ આપી ગયો ? હું તારી ફરિયાદ કરું છું અને તને સીધોદોર કરી નાખું છું.

અરે જારે જે જા, બડા ફરિયાદ કરનેવાલા, ચાહે તો પોલીસમેં જા કે કરો, હમ કિસી સે ડરતા નહીં હૈ, તુમ પહેલે સ્કુલમેં જા કે બાત કરના શીખ લો.

આ સાંભળી હું મનોમન બોલી ઉઠયો, સબ કો દે સન્માન. એ છોકરો પાણી આપવાનું કામ કરે છે તેથી શું થઈ ગયું ?.

આ પ્રસંગે મને પાઠ શીખવી દીધો કે રોજિંદા જીવનમાં ઘરમાં પત્ની, બાળકો, માતા-પિતા, ભાઈ-ભાભી અન્ય સ્વજનો તેમજ બહાર દુકાન-ઓફીસ કે કારખાનામાં કામ કરતાં માણસો સાથે જો સભ્યતા અને પ્રેમથી બોલીએ અને તેઓની લાગણીને માન આપીએ તો વિવાદ અને સંઘર્ષનો અંત આવશે. સભ્યતા અને પ્રેમથી હૃદયના દ્વાર ખુલે છે અને તોછડાઈથી બંધ થાય છે.

પ્રેમ અને લાગણી સંબંધનો સેતુ છે.
બાકી, બધા રાહુ-કેતુ છે.

✦✦✦

## એક અદ્‌ભુત પત્ર – વ્હાલી સખી

આજ દિવસ સુધીની તારી સાથેના સહવાસથી મને
ઘણું નુકશાન વેઠવું પડયું છે એટલું જ નહિ પણ
અત્યંત લાભદાયક અને મોક્ષના સાધનરૂપ સદ્‌ગુણોનો
સમૂળો નાશ થયો છે અને નર્કમાં નાખનાર દુર્ગુણો
ની પ્રાપ્તિ થઈ છે, તે ખરેખર તારો મિત્રધર્મ બજાવ્યો
નથી, પણ એથી ઉલટું દુશ્મન તરીકેનો દાવ સાધ્યો
છે. આ સ્વાર્થમય દુનિયાની અંદર તારા જેવા હંમેશ સ્વાર્થ
સાધક અને મતલબી મિત્રો ઘણાં જ હશે, પરંતુ સન્માર્ગે
ત્યાગી મિત્ર તો કોઈક જ હશે. ભાગ્યે જ હશે. હું ધારું છું કે તારી
દુષ્ટ વૃત્તિઓની અભિલાષા પરિપૂર્ણ કરવા ખાતર જ
મારા ઉપર પ્રીતી છે, પણ તે ખરેખર અંતઃકરણની નથી.
માત્ર બહારની જ છે. તારા આવા વર્તનને ધિકકાર છે.
આવા મિત્ર સાથે હું કાયમના માટે મિત્રતા રાખવા
માગતી નથી. મારા છેલ્લા પત્રથી જ તારો ત્યાગ કરવા
ઈચ્છું છું. તારા જેવા સંકટ વખતે સર્વ પ્રકારે સહાય સાથ
ન આપનાર પણ તકલીફ તથા દુઃખ ઉપજાવી
આપનાર મિત્રો આ દુનિયામાં જવલ્લે જ હશે.
તારા આવા દુર્ગુણોને લીધે તું ધિકકારને પાત્ર છો તથા દુષ્ટ
કર્તવ્યોથી પરમ કૃપાળુ પરમાત્મા તને સદાને માટે
નર્કમાં નાખશે. તારે કદી પણ એવું ધારવું નહીં કે
સ્વર્ગમાં રાખશે...

અરે ! અરે ! ગુસ્સો આવી ગયો ? કાંઈ નહીં, તારો ગુસ્સો હમણાં જ પીગળી જશે.

જો હવે એક પછી એક લીટી છોડીને વાંચ જોઉ ?

હવે હસ, કેમ ગુસ્સો ઉતરી ગયો ને ?

**- સંકલન**


**કે. એસ. પ્રેયર હોલ**
**(ફુલ્લી એરકન્ડીશન્ડ / નોન એરકન્ડીશન્ડ)**
માઈક સીસ્ટમ તથા સ્પીકર ☯ વીડીયો સ્ક્રીન, ટેબલ લાઈટ સાથે ઉપલબ્ધ છે
પાટણ જૈન મંડળ માર્ગ, મરીન ડ્રાઈવ, મુંબઈ - ૨૦.
**શ્રી ભાવીક શાહ**
ફોન : ૨૨૮૧ ૦૦૧૬ / ૯૮૧૯૮ ૨૪૭૯૫
સમય : ૧૧ થી ૬ દરમ્યાન



II SHREE VASUPUJYA SWAMI II ESTD: 1998
**ALPA MARRIAGE BUREAU**
**( Mumbai )- 11th year**
PATAN PARIVAR & OTHERS JAIN COMMUNITY
**FOR GOOD CHOICE & PERFECT MATCHING**
**CONTACT : MRS. ALPA SHAH**
HELLO : **95250-2500135 / 9823218746**
TIME : 9.00 TO 12.00 a.m. 7.30 TO 10.30 p.m.

# સુખદ શૈશવ

❒ ઊર્વી નરેન્દ્રભાઈ ઝવેરી

સમગ્ર સૃષ્ટિમાં કોઈપણ જીવનો જન્મ પોતાને આધીન નથી. સ્વાભાવિક છે કે, માણસનો જન્મ પણ તેની પોતાની ઈચ્છાથી થતો નથી. એ જ પ્રમાણે બાળકમાંથી કિશોર કે કિશોરમાંથી યુવાન અને કાળક્રમે વૃધ્ધ થવાનું કે નહિ થવાનું - પણ માનવીના હાથમાં નથી.

શૈશવ એટલે જ જીવનનું સુરમ્ય, સુખપૂર્ણ અને સ્ફુર્તિદાયક સુપ્રભાત!

બાલ્યાવસ્થા તો માનવજીવનનાં આકાશથી વહેતી અમૃતમેઘા છે.... પ્રાણીના પ્રવાહની જેમ પ્રતિપળ વહી જતો સુધાસ્ત્રોત ! જીવનનું એ પરોઢ પલકમાત્રમાં પસાર થઈ ગયું પણ એનાં આલ્હાદક સંભારણા જીવનનું અણમોલ ધન બની ચુકયા છે. એને આલેખીને જ તૃપ્તિનો ઓડકાર ખાવાનો છે, કારણ કે - 'માણ્યું એનું સ્મરણ કરવું એ ય છે એક લ્હાવો.'

યાદ આવે છે - ખો - ખો, પકડાપકડી, રૂમાલ દાવ, ઘર ઘર વિગેરે જાતજાતની રમતો રમવી, દોરડા કુદવાના, સાઈકલ ફેરવવાની, દાદા-દાદી પાસેથી પરીઓની, રાજા-રાણીની વાર્તાઓ સાંભળવાની....! ના ભણવાની ચિંતા, ના કમાવાની ચિંતા, ના રસોઈ કરવાની ચિંતા, ના સંબંધો સાચવવાની ચિંતા - બસ, લૂટાય એટલો આનંદ લૂટવાનો, મનમોજી બનીને મસ્તી માણ્યે રાખવાની...! આવા સહેજ અને સ્વાભાવિક જીવનની નફિકરાઈની આજે તો ઈર્ષ્યા જ કરવી રહી.

કયાં - ભણતર, નોકરી, ધર્મ, કુટુંબપોષણ, સમાજ, રાષ્ટ્ર, વિશ્વ જેવી અનેક આંટીઘૂંટીમાં અટવાયેલું, કઠોરતાપૂર્ણ, દંભીવ્યવહાર વડે જીવાતું આજનું વિસંવાદિતાયુકત, કલુષિત જીવન?.... અને કયાં એ સુખદ, સુમધુર, સ-રસ, સ્નેહસભર શૈશવ....? આ સઘળું સંભારતા અનાયાસે મુખમાંથી કવિશ્રી મનસુખભાઈ ઝવેરીની પેલી પીકતઓ સરી પડે છે -

મને શિશુતણી ગમે સરળ સૃષ્ટિ સ્નેહેભરી,
નિખાલસ, સમત્ત્વ ને અનઘ એક આનંદની.

આપણે નાનાં હોઈએ છીએ ત્યારે થાય છે કે જલ્દી જલ્દી મોટા થઈ જઈએ... અને મોટાં થયા બાદ ફરી પાછા નાના બનવાનું મન થાય છે. આપણું બાળપણ ચેતનામય, તરવરાટ, ઉત્સાહ-ઉમંગથી છલકતું હોય છે, પણ જેમ જેમ ઉંમર વધે તેમ 'ચેતના'નું સ્થાન 'ચિંતાઓ' લેવા માંડે છે. ચિંતા એ આપણી ભીતર રહેલી ખુમારી-ચેતનાનું નકારાત્મક સ્વરૂપાંતર છે. આપણે જીવીએ છીએ, એ જીંદગી સાચી હોતી નથી અને જેને સાચી જીંદગી તરીકે બિરદાવી શકાય, એને આપણે જીવતા જ નથી ! માનવીમાં સમજણ આવે એ પહેલાં ઘડપણ આવી જાય છે, પ્રસિધ્ધ ચિંતક બેન્જામીન ફ્રેન્કલીને કયાંક કહ્યું છે - Life's tragedy is that we get old too soon and wise too late ! માણસ હંમેશા બાળક રહી શકતો નથી પરંતુ સદાબહાર જીવન જીવતાં માણસોમાં બાળક જેવા કેટલાક ગુણ અવશ્ય જોવા મળે છે. વર્ષોના અભ્યાસ બાદ એવું તારણ કાઢવામાં આવ્યું છે કે, આવી વ્યકિતઓ તનાવમુ(ત, સુખી અને દીર્ઘ આયુષ્ય ભોગવે છે.

બાળકમાં જે તાજગી હોય છે તે મોટી ઉંમરે આપણે ગુમાવી દઈએ છીએ. બાળક વીતેલી ક્ષણનો વિચાર કરતું નથી. એ તો નવી તાજી ક્ષણે એ ક્ષણની તાજગીથી જ વર્તે છે. ના તો ભુતકાળનો બોજો તેને કચડી શકે છે, ના તો ભવિષ્યની ચિંતા તેને વ્યથિત કરી શકે છે. આથી જ જીવનની દરેક ક્ષણને તે ઉત્સાહથી માણી શકે છે. બાળક કોઈની નિંદા કરતું નથી અને એના મનમાં કોઈના પ્રત્યે કાયમી વેર રહેતું નથી. આપણને કોઈ બે કડવા વેણ કહી જશે તો ય આપણે ગાંઠની જેમ કેડે બાંધી લઈશું, જયારે બાળકો તો માતા-પિતા, શિક્ષકોએ કરેલો ક્રોધ પણ બીજી જી પળે વિસરી જઈને તેમની સાથે પૂર્વવત્ત બોલવા માંડશે. બાળકોમાં નવું-નવું જાણવાની, શીખવાની કુતૂહલવૃત્તિ હોય છે અને કુતૂહલવૃત્તિ ને દંભ એક સાથે રહી શકતા નથી. આથી જ બાળકો કયારેય દંભી હોતા નથી, જયારે બાળપણ વીતાવ્યા પછી એક સાચા આંસુ અને એક નિખાલસ હાસ્ય માટે આપણે કેટકેટલી રઝળપાટ કરવી પડે છે !

બાળક તરીકેની આપણી પોતાની સિધ્ધિઓનો વિચાર કરીએ તો આપણને જ આશ્ચર્ય થશે. આપણે બોલા, વાંચતા, લખતાં, ચાલતાં શીખ્યાં - એ સઘળા કાર્યો એટલા તો મુશ્કેલ હતાં કે એની સામે આજની આપત્તિઓ તો કશી વિસાતમાં જ ના ગણાયળ બાળકો સદાય વિકાસશીલ હોય છે. મહિનાઓ સુધી મહા પ્રયત્નો બાદ એકાદ સ્પષ્ટ શબ્દ - વાકય બોલી શકીએ છીએ, જયારે આજે કાંઈ નવું શીખતા સામાન્ય ભૂલો થાય તો પણ માની લઈએ કે હવે આપણને કાંઈ ના આવડે ! કદી વિચાર્યુ છે કે આ કરતાં પણ વિકટ સંજોગોમાં અને ઓછી સમજ હોવા છતાં આપણે કેટલી સરસ રીતે શીખતાં હતા? બાળક ચાલતા ચાલતાં પચાસવાર પડશે તો પણ ઉભું થઈને ફરી પગલાં ભરવા લાગશે - કેમ કે બાળકો નિષ્ફળતાથી કદી ડરતા નથી.

અખૂટ ધૈર્ય, અજાતશત્રુતા, સરળતા, પારદર્શકતા, પવિત્રતા, નિષ્પાપ વૃત્તિ, નિર્દોષતા, નિર્મળતા, નીડરતા, નિખાલસતા - બાળકોમાં રહેલ આ તમામ ગુણો અંગે વિચારતા લાગે છે કે ખરેખર, જો સઘળી સુખ-સમૃધ્ધિ-સંપત્તિ પાછી આપીને ય સામે બદલામાં શૈશવ મળતું હોય તો એ અવસર કદાપિ ચૂકવા જેવો નથી. કવિ શ્રી કૈલાસ પંડિતે પણ કંઈક આવી જ સંવેદનાઓ એમના આ કાવ્ય દ્વારા અભિવ્યકત કરેલ છે -

કયાં ખોવાયું બચપણ મારું ? કયાંકથી શોધી લાવો,
મીઠાં મીઠાં સપનાઓની, દુનિયા પાછી લાવો.
મોટર બંગલા લઈ લો મારા, લઈ લો વૈભવ પાછો,
પેન લખોટી ચાકના ટુકડા, મુજને પાછા આપો !
સુના પડયા છે ઘરના ખુણા,
શાંત ઉભા છે દ્વારના પડદા,
બંધ પડયા છે મેજના ખાના,
રોઈ રહ્યા છે સઘળા રમકડાં !

● ● ●

# શ્રી પાટણ જૈન મંડળ વ્યવસ્થાપક સમિતિની ત્રિવાર્ષિક ચુંટણી

રવિવાર, તા.૨૯-૩-૨૦૦૯ ના રોજ સને ૨૦૦૯-૧૦ થી સને ૨૦૧૧-૧૨ સુધીની આગામી ત્રણ વર્ષ માટે વ્યવસ્થાપક સમિતિના ૨૫ સભાસદોની ચુંટણી કરવામાં આવી હતી.

કુલ ૨૫ સભાસદોની ચુંટણી માટે ૩૩ સભાસદોએ ઉમેદવારી નોંધાવી હતી. મંડળના **કુલ ૨૫૧૫** મતદાર સભાસદોમાંથી **૧૪૪૪** સભાસદોએ મતદાન કર્યું હતું. તેમાં **૨૯** મતપત્રકો રદ થતાં **૧૪૧૫** મતપત્રકોની ગણતરી કરવામાં આવી હતી. જેથી કુલ **૫૬.૨૬** ટકા મતદાન થયું હતું.

મુખ્ય નિરીક્ષકો દ્વારા જાહેર કરવામાં આવેલ પરિણામ નીચે મુજબ છે.

## ચુંટણીમાં ઉમેદવારોને મળેલ મતોની યાદી

| નંબર | નામ | મળેલ મત |
|---|---|---|
| ૧. | મહેન્દ્રકુમાર નેમચંદ શાહ | ૧૩૦૯ |
| ૨. | રોહિતભાઈ મહાસુખલાલ શાહ | ૧૨૮૧ |
| ૩. | જનકભાઈ અરવિંદકુમાર શાહ | ૧૨૭૯ |
| ૪. | ભરતભાઈ દલપતભાઈ શાહ | ૧૨૬૪ |
| ૫. | શૈલેષભાઈ સેવંતીલાલ શાહ | ૧૨૬૩ |
| ૬. | ભારતીબેન ભગુભાઈ શાહ | ૧૨૬૦ |
| ૭. | ભદ્રકાંત પ્રેમચંદ શાહ | ૧૨૫૯ |
| ૮. | પરેશભાઈ અમૃતલાલ શાહ | ૧૨૫૪ |
| ૯. | રાજેશભાઈ ચીમનલાલ શાહ | ૧૨૩૩ |
| ૧૦. | મુકેશભાઈ દિલીપભાઈ શાહ | ૧૨૨૪ |
| ૧૧. | નિતીનભાઈ રમણલાલ પટણી | ૧૨૧૦ |
| ૧૨. | ભરતભાઈ સારાભાઈ શાહ | ૧૨૦૬ |
| ૧૩. | રાજેશભાઈ પ્રેમચંદ શાહ | ૧૨૦૩ |
| ૧૪. | નિખીલભાઈ મહેન્દ્રભાઈ બેન્કર | ૧૧૯૭ |
| ૧૫. | દિપકભાઈ પ્રેમચંદ શાહ | ૧૧૯૫ |
| ૧૬. | કેતનભાઈ મહેન્દ્રભાઈ શાહ | ૧૧૯૩ |
| ૧૭. | પ્રવીણચંદ્ર નવીનચંદ્ર શાહ | ૧૧૮૮ |
| ૧૮. | પુનીત સૂર્યકાંત શાહ | ૧૧૬૭ |
| ૧૮. | રાજીવ કેશરીચંદ શાહ | ૧૧૬૭ |
| ૨૦. | વિક્રમભાઈ સારાભાઈ શાહ | ૧૧૪૨ |
| ૨૧. | જીમ્મી તરંગકુમાર શાહ | ૧૧૩૭ |
| ૨૨. | કમલેશભાઈ ચંપકલાલ શાહ | ૧૧૦૭ |
| ૨૩. | સંજય કીર્તિભાઈ શાહ | ૧૦૧૧ |
| ૨૪. | સ્વાતી લલીતચંદ્ર કાપડીયા | ૯૮૯ |
| ૨૫. | મુકેશ લલીતચંદ્ર શાહ | ૮૯૨ |
| ૨૬. | હીના ચેતનકુમાર શાહ | ૮૨૧ |
| ૨૭. | પ્રવીણચંદ્ર મફતલાલ શાહ | ૭૭૭ |
| ૨૮. | નલીનભાઈ પોપટલાલ શાહ | ૭૪૭ |
| ૨૯. | અલ્પા પરાગકુમાર શાહ | ૭૪૦ |
| ૩૦. | રસિકલાલ અંબાલાલ શાહ | ૭૩૩ |
| ૩૧. | યશવંત મહાસુખલાલ શાહ | ૭૦૭ |
| ૩૨. | સમીર વિજયકુમાર શાહ | ૬૩૫ |
| ૩૩. | સંજય રમણલાલ શાહ | ૫૮૫ |

**ક્રમાનુસાર ૧ થી ૨૫ નંબર સુધીના વધુ મતો મળેલા ઉમેદવારો આગામી ત્રણ વર્ષ માટેની વ્યવસ્થાપક સમિતિના ચુંટાયેલા સભ્યો તરીકે જાહેર કરવામાં આવ્યા હતા.**

❐ **માનદમંત્રી(એડમીનીસ્ટ્રેશન),**
**શ્રી પાટણ જૈન મંડળ**

# પાટણ કો-ઓપ.બેન્ક લિ. નવા ચેરમેનની નિયુક્તિ

શ્રી પાટણ જૈન મંડળની ગતિવિધિ અને પ્રગતિને લક્ષમાં રાખી તેના વિવિધ પાસાઓની વિસ્તૃત છણાવટ અને મનોમંથન બાદ સંસ્થાની વધુ સારી, સંનિષ્ઠ અને ઉત્કૃષ્ટ સેવા કરવાના કૃતનિશ્ચિત આશયથી **શ્રી દિનેશભાઈ રસિકલાલ શાહે શ્રી પાટણ જૈન મંડળની** આગામી ત્રણ વર્ષ માટેની **પ્રમુખપદ** માટેની ચુંટણી માટે ઉમેદવારી નોંધાવી હતી. અને પાટણ કો-ઓપ.બેન્ક લિ.ના ચેરમેન પદેથી રાજીનામું આપેલ.

બદલાતા સમય, સંજોગ અને સમીકરણોને અનુલક્ષીને આપણાં સહિયારા પ્રેરણાસ્ત્રોત દ્વારા અને વિચાર વિનિયમની અપેક્ષા થકી **પાટણ કો-ઓપ.બેન્ક**ને પ્રગતિના ઉચ્ચતમ શિખરે પ્રસ્થાપિત કરવા **શ્રી દિનેશભાઈ શાંતીલાલ શાહ**ની શ્રી પાટણ કો-ઓપ.બેન્ક લિ.ના ચેરમેન તરીકે નિમણુંક કરવામાં આવી છે. શ્રી દિનેશભાઈ શાંતીલાલ શાહનો અનુભવ, કાબેલીયત અને કામ કરવાની ધગશ તેમની નિમણુંકને યથાર્થ સાબિત કરશે એ નિર્વિવાદ છે. આપણે તેઓશ્રીને હાર્દિક અભિનંદન સાથે શુભેચ્છા પાઠવીએ છીએ.

## લગ્ન સંબંધી

Name : **Jigar Yatin Shah** ✦ Father : **Yatin Kantilal Shah**
Mother : **Rita Shah** ✦ Religion : **Jain (Swetambar)**
Date of Birth : **25-01-1982** ✦ Height : **6'**
Place of Birth : **Mumbai** ✦ Birth Time **: 10.40 PM**
Native Place **: Khetarvasi, Patan**
Hobbies : **Cricket, Watching Movies and Music**
Address : **I-603, Pruthvi Classique, Modi Park, Irani Wadi Rd. No.3, Kandivali (W), Mumbai-400067, Phone : 2861 8299**
Education **: B. Com.**
Professional **: Purchase Manager of Diamond Co. (N.Kumar Diamond Exports Pvt. Ltd.**
Family Detail **: Sister : Saloni Shah, Younger sister, studing**

## શ્રી પાટણ પાંજરાપોળ

સંચાલિત

## શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ ખલીપુર પશુ આશ્રય સંકુલ

## "પાંજરાપોળની જરૂરિયાત કેમ?"

આ જગતમાં રહેલા દરેક ધર્મમાં દયા ધર્મ અપનાવવો જોઈએ, તેવું દરેક ધર્મ કહે છે. દયા પાત્ર દરેક જીવો છે. નિર્મમ, પંચેન્દ્રિય વિ. દરેક જીવો દયાપાત્ર હોય છે અને ખાસ કરીને આ જગતના સર્વે દુઃખી જીવો વિશેષ દયા પાત્ર હોય છે.

વિશ્વના દરેક જીવોને બે ભાગમાં વહેંચી શકાય (૧) બોલતા (૨) અબોલ. બોલતા જીવો એટલે કે મનુષ્ય અને અબોલ એટલે પશુ, પંખી વિ. મનુષ્યને જયારે દુઃખ થાય છે. કોઈપણ જાતની લાગણી દુભાય છે, ભુખ-તરસ લાગે છે. કયાંક લાગે છે તો તે પોતાની વેદના બીજા પાસે બોલીને વ્યકત કરી શકે છે. જયારે અબોલ જીવો તેમ કરવા સમર્થ નથી અને તેથી તેઓ ખુબ જ દુઃભાય છે અને માટે જ તેઓ વિશેષ દયાને પાત્ર છે. બોલતું ન થયું હોય તેવું આપણું બાળક પણ રડીને તેની તકલીફ તરફ આપણું ધ્યાન દોરે છે અને આપણે તેને સંભાળી લઈએ છીએ. પણ નાનું અબોલ કે મોટું અબોલ પ્રાણી આમ કરી શકતું નથી અને માટે જ જયારે તેને દુઃખ થાય છે ત્યારે તે વધુ રીબાય છે.

મનુષ્ય પરમાત્માનો પ્રતિનિધી છે એટલે મનુષ્યની અબોલ જીવોનું ભરણપોષણ અને તેમાંયે માદા જીવોની સેવા કરવાની જવાબદારી છે. આ જ એક સંનિષ્ઠ, ધર્મનિષ્ઠ સમાજની પ્રગતિ થાય છે. આમ થતાં મનુષ્યની ભાવશુધ્ધિ થાય છે અને જયારે ભાવશુધ્ધિ થાય ત્યારે ત્યારે ધર્મનિષ્ઠ થવાય અને તેમ કરતાં આત્મશુધ્ધિ થાય છે અને આપણે મોક્ષ તરફ ગતિ કરતા થઈએ છીએ.

જીવદયાની ફળશ્રુતિ પ્રભુ આપણને આપ્યા વગર રહેતો નથી. છતાંયે ફળની આશા રાખ્યા વગર પશુધન અને તેમાંયે બિમાર પશુધનની સેવા કરતાં જે અનન્ય શાંતિનો અનુભવ થાય છે તે તો જે કરે તેને જ અનુભવાય છે.

આવા પુણ્યના સત્કાર્ય કરવા માટે આપણાં પૂર્વજોએ પાંજરાપોળની વ્યવસ્થા કરી હતી. જેથી આપણે જાતે જો સેવા ન કરી શકીએ તો દાન કરીને પણ ધર્મ બજાવી શકીએ.

"ગૌરવ ભરી પદવી મળે છે દાન દેનારને.
સ્થાન નીચું સાંપડે છે સંગ્રહ કરનારને.
વરસાદ આપતું વાદળું આકાશમાં ચઢે ઉંચે,
સંચય કરી સાગર જુઓ પૃથ્વી પર તકફડે."

આપણાં પાટણ જૈન સમાજની શિરમોર સમી શ્રી પાટણ પાંજરાપોળને આપના અમૂલ્ય દાનથી છલકાવીને પ્રભુ મહાવીરે બતાવેલી અહિંસા તથા જીવદયાને પ્રોત્સાહન આપો.

પાટણના દાનેશ્વરી અને દયાળુ જૈન સમાજને જીવદયાના આ અભિયાનમાં આપના સુકૃત દાનથી ઉભરાવીને સુપાત્ર દાન કર્યાનો વધારાનો એક લાભ મેળવો.

આપ જયારે પણ પાટણ પધારો ત્યારે ખલીપુર ખાતેની આપણી પાટણ પાંજરાપોળની અવશ્ય મુલાકાત લેશો.

સંસ્થાને આપેલ દાનની રકમ ઈન્કમટેકસ કાયદાની કલમ ૮૦-જી અન્વયે કરમુકિતને પાત્ર છે.


## શ્રી પાટણ પાંજરાપોળ

ટ્રસ્ટ રજીસ્ટ્રેશન નં. ૬૩૮

સંચાલિત



**શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ, ખલીપુર પશુ આશ્રયસ્થાન સંકુલ**



**જીવદયા વિના ધર્મ નહીં, ધર્મ વિના સુખ-શાંતિ આબાદી નહીં.**

| | | | |
|---|---|---|---|
| ૧. પશુ માટેનો શેડ (ગ્રેનાઈટ તકતી ઉપર નામ) | રૂા.૧,૦૦,૦૦૦ | ૬. પશુઓને માસિક દવા-ચિકિત્સા | રૂા.૧૧,૦૦૦ |
| ૨. કાયમી તિથિ નિભાવ ફંડ (આરસની તકતીમાં નામ) | રૂા.૫૧,૦૦૦ | ૭. કાયમી ઘાસની તિથિ | રૂા.૫,૦૦૦ |
| ૩. પશુઓને લાપશી માટેની કાયમી તિથિ (આરસની તકતીમાં નામ) | રૂા.૩૧,૦૦૦ | ૮. વાર્ષિક પશુ દત્તક યોજના | રૂા.૩,૦૦૦ |
| ૪. પશુઓના આધાર સ્થંભ (આરસની તકતીમાં નામ) | રૂા.૨૧,૦૦૦ | ૯. પક્ષીઓને કાયમી ચણ તિથિ | રૂા.૨,૦૦૦ |
| ૫. પશુઓને એક દિવસનો ઘાસચારો | રૂા.૧૫,૦૦૦ | | |



હાલમાં સંસ્થા પાસે લગભગ ૨૦૦૦ નાનામોટા પશુ રાખવામાં આવ્યા છે. તેના પાલન-પોષણ તથા સંસ્થાના ચાલુ વહીવટી ખર્ચમાં સતત તોટો રહેતો હોઈ, આપના કે આપના સ્નેહીજનોના ઘરના લગ્ન, સગાઈ, પૂજન, તપશ્ચર્યા, જન્મ કે મરણ પ્રસંગે યાદ કરીને નાની મોટી રકમોની ભેટ મોકલાવી સહાયભુત થવા વિનંતી.

**જો હશે આપનું દાન............ તો બચશે પશુના જાન.**

સંપર્ક : **મુંબઈ : મે. કંચનલાલ વાડીલાલ એન્ડ કાું.** પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨. ફોન : **૨૨૦૧ ૪૯૩૫** ❋ **મે.સી.વાડીલાલ એન્ડ કાું.** ૪૦, નાગદેવી ક્રોસ લેન, મુંબઈ-૩ ફોન : **૨૩૪૨ ૯૦૧૨ / ૨૩૪૨ ૯૦૧૩** ❋ પાટણ : શ્રી પાટણ પાંજરાપોળ, પીંપળા શેરી, આઝાદ ચોક, પાટણ (ઉ.ગુ.) ફોન : **૨૨૦૨૦૩**

**સંસ્થાને આપેલ દાનની રકમ ૮૦ જી હેઠળ ઈન્કમટેકસમાં બાદ મળે છે.**

# સંસ્થા સમાચાર

❒ **શ્રી પાટણ જૈન મિત્રમંડળ, પુના** દ્વારા તા.૨૨-૩-૨૦૦૯ ના રોજ પુના ખાતે યોજવામાં આવેલ સ્નેહ સંમેલનમાં સંસ્થાના ૧૪૦ સભ્યોએ ભાગ લઈને વિવિધ કાર્યક્રમમાં આનંદભેર ભાગ લીધો હતો. આ ઉપરાંત તા.૨૬-૩-૨૦૦૯ ના રોજ ગુજરાતી નાટક "ફાધર ઈન્ડીયા"નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પણ સભ્યોએ સારી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમનો આનંદ માણ્યો હતો.

આમ, શ્રી પાટણ જૈન મિત્ર મંડળ, પુનાના કાર્યકરો વિવિધ કાર્યક્રમોનું આયોજન કરી, પુના સ્થિત પાટણના જૈન સમાજને એકબીજાના સંપર્કમાં રાખવાનું ઉમદા કાર્ય કરી રહેલ છે.

❒ **શ્રી પંચાસરા પાર્શ્વનાથ દહેરાસર**ની ૫૪ મી સાલગીરી જેઠ સુદ ૩, બુધવાર, તા.૨૭-૫-૨૦૦૯ ના અઢાર અભિષેક, રાત્રે ભાવના અને જેઠ સુદ ૫, ગુરૂવાર, તા.૨૮-૫-૨૦૦૯ ના સવારે ધજા ચઢાવવાની વિ.નો કાર્યક્રમ રાખવામાં આવેલ છે.

મુંબઈ તેમજ બહારગામથી જે ભાઈઓ આ પ્રસંગે ખાસ પાટણ આવ્યા હશે તેમને શનિવારે સવારે-બપોરે અને સાંજે અને રવિવારે સવારે અને બપોરના પંચાસરજીમાં જમવાની વ્યવસ્થા રાખવામાં આવેલ છે, તો તેનો લાભ લેવા વિનંતી છે.

ધજાનો ચઢાવો જેઠ સુદ ૩ ને બુધવારના રાત્રે ભાવનામાં બોલાવવામાં આવશે અને જેઠ સુદ ૫ ના દિવસે સવારે ધજા વખતે આદેશ આપવામાં આવશે.

શ્રી અષ્ટાપદજી દહેરાસર તથા શ્રી પંચાસરજીના દહેરાસરની સામે આવેલા પાંચ દહેરાસરની ધજાનો ચઢાવો જેઠ સુદ ૩ ના રાત્રે ભાવના વખતે બોલાવવામાં આવશે અને તે વખતે જ આદેશ આપવામાં આવશે.

❒ **શ્રી ગોરેગામ પાટણ જૈન મિત્રમંડળ**ની તા.૧૮-૪-૨૦૦૯ ના મળેલ સભામાં નીચે મુજબના નવા હોદ્દેદારોની સને ૨૦૦૯-૧૦ થી સને ૨૦૧૧-૧૨ સુધીના ત્રણ વર્ષ માટે નિમણુંક કરેલ છે.

શ્રી જીતેન્દ્રભાઈ કેશવલાલ - પ્રમુખ, શ્રી કાંતીલાલ મણીલાલ શાહ-માનવંતા પ્રમુખ, શ્રી મુકેશભાઈ દિલીપભાઈ શાહ-ઉપપ્રમુખ, શ્રી બિપીનભાઈ નેમચંદ શાહ - ઉપપ્રમુખ, શ્રી વિક્રમભાઈ સારાભાઈ શાહ-માનદમંત્રી, શ્રી દુષ્યંતભાઈ શાંતીલાલ શાહ-માનદમંત્રી, શ્રી સંજયભાઈ કીર્તિલાલ શાહ - ખજાનચી.

❒ **શ્રી મહાવીર જૈન વિદ્યાલય, કન્યા છાત્રાલય-પુના**માં ધો.૧૦ થી ઉપર અભ્યાસ કરવા ઈચ્છુક કન્યા વિદ્યાર્થીનીને શ્રી પ્રવીણચંદ્ર કેશરીચંદ શાહ (ઢંઢેરવાડો) - દાતાની રૂએ નિ:શુલ્ક પ્રવેશ આપવાની ભલામણ કરી શકે છે. સંસ્થાની શરતો મુજબ પુનામાં રહી ઉચ્ચ અભ્યાસ કરવા ઈચ્છુક બહેનોએ ઉપર્યુકત યોજનાનો લાભ લેવો હોય તો, શ્રી તુષારભાઈ પ્રવીણચંદ્ર શાહ, બ્લોક નં.૩, પંચાસર, ૭૬, મરીન ડ્રાઈવ, મુંબઈ-૪૦૦૦૨૦, ફોન - ૨૨૮૧ ૭૫૫૯ સંપર્ક કરવો.

●●●

# સમાજનો સથવારો
## સાથી હાથ બઢાના

શ્રી પાટણ જૈન મંડળ સમાજના આર્થિક ઉત્કર્ષ માટે સદાય કાર્યશીલ છે. આપણા સમાજનો એક વર્ગ મોંઘવારી સામે સતત ઝઝુમી રહ્યો છે. તેઓ આર્થિક રીતે સ્વાવલંબન મેળવવા ગૃહઉદ્યોગ દ્વારા સમાજમાં સન્માનપૂર્વક જીવન જીવી રહ્યા છે. તેઓને સહકાર આપવા સંપાદક સમિતિએ ઉપર જણાવેલ વિભાગ શરૂ કરેલ છે.

- બજાજ એલાયન્સ જનરલ ઈન્સ્યોરન્સમાં મેડીકલેઈમ પોલીસી તેમજ વ્હીકેલ ઈન્સ્યુરન્સ માટે સંપર્ક : શ્રીમતી વનીતાબેન હિતેન્દ્રભાઈ શાહ, મોબાઈલ : ૯૮૬૭૦ ૭૫૭૩૩
- વિવિધ પ્રકારના ડાયેટ ઘી-તેલ વગરના ટેસ્ટી ખાખરા, નાચણી, રાજગરા, બાજરા, તીખી મુંગડી, બ્લેક એન્ડ વ્હાઈટ ફીનાઈલ, સંપર્ક : પીનલ પ્રોડકટસ - શ્રી જયંતભાઈ પોપટલાલ શાહ ફોન : ૯૮૨૧૨ ૫૭૫૪૯ / ૨૮૭૪ ૩૭૫૦

●●●

# શ્રદ્ધાંજલિ

સમાજની નીચે જણાવેલ વ્યક્તિઓના અવસાનની સખેદ નોંધ લેતા, તેઓના કુટુંબીજનોના દુ:ખમાં સંવેદનાની લાગણી વ્યકત કરીએ છીએ. પરમકૃપાળુ પરમાત્મા સદ્ગતના આત્માને ચિર:શાંતિ અર્પો એજ પ્રાર્થના.

| જ્ઞાતિ | મહોલ્લો | સ્વર્ગસ્થનું નામ | ઉંમર | સ્થળ | તારીખ | તિથિ |
|---|---|---|---|---|---|---|
| વિશા શ્રીમાળી | પોળની શેરી | માણેકલાલ મણીલાલ શાહ | ૯૬ | રાજકોટ | ૨૫-૨-૨૦૦૯ | મહા વદ ૦)) |
| દશા ઓસવાલ | ખેતરપાળનો પાડો | પ્રવીણાબેન હીરાલાલ ચાહવાલા | ૭૪ | મુંબઈ | ૧૯-૩-૨૦૦૯ | ફાગણ વદ ૮ |
| વિશા ઓસવાલ | ઝવેરીવાડો | લલીતાબેન ચંપકલાલ શાહ 👁 | ૮૩ | નવસારી | ૨૪-૩-૨૦૦૯ | ફાગણ વદ ૧૪ |
| વિશા પોરવાલ | સંઘવીનો પાડો | દીપકભાઈ મુલચંદ શાહ | ૫૧ | મુંબઈ | ૨૭-૩-૨૦૦૯ | ચૈત્ર સુદ ૧ |
| વિશા શ્રીમાળી | મણીયાતી પાડો | સરસ્વતીબેન સુંદરલાલ શાહ | ૮૫ | મુંબઈ | ૧-૪-૨૦૦૯ | ચૈત્ર સુદ ૬ |
| વિશા શ્રીમાળી | ઢંઢેરવાડો | વસંતબાળા કીર્તિલાલ શાહ | ૬૧ | દિલ્હી | ૫-૪-૨૦૦૯ | ચૈત્ર સુદ ૧૧ |
| દશા પોરવાલ | ખજુરીનો પાડો | જયશ્રીબેન ચંદ્રકાંત શાહ | ૬૯ | મુંબઈ | ૭-૪-૨૦૦૯ | ચૈત્ર સુદ ૧૩ |
| વિશા શ્રીમાળી | કનાસાનો પાડો | જયંતીલાલ ચીમનલાલ શાહ 👁 | ૮૮ | મુંબઈ | ૭-૪-૨૦૦૯ | ચૈત્ર સુદ ૧૩ |
| વિશા શ્રીમાળી | મહાલક્ષ્મીમાતાનો પાડો | પુષ્પાબેન સુંદરલાલ શાહ | ૮૧ | મુંબઈ | ૭-૪-૨૦૦૯ | ચૈત્ર સુદ ૧૩ |
| વિશા પોરવાલ | ખેતરવસી | સુભદ્રાબેન રસિકલાલ શાહ | ૮૨ | મુંબઈ | ૧૦-૪-૨૦૦૯ | ચૈત્ર વદ ૧ |

👁 **ચક્ષુદાન કરેલ છે.**

# સાભાર સ્વીકાર

**મંડળના જુદા જુદા ફંડોમાં અને પ્રવૃત્તિઓમાં, સ્વૈચ્છીક રીતે નાણાંકીય ભેટની રકમ આપવા બદલ, સર્વે શુભેચ્છકો પ્રત્યે આભાર વ્યક્ત કરવામાં આવે છે.**

**સમાજ વિકાસ ફંડ :**

૧૧,૦૦,૦૦૦/- શ્રી પોપટલાલ ભીખાચંદ શાહના સ્મરણાર્થે શ્રી વિરેન્દ્રભાઈ પોપટલાલ શાહ (મલ્લાતનોપાડો)

૩,૧૧,૦૦૦/- શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ (માટલીવાળા) (કનાસાનો પાડો)

૩,૧૧,૧૧૧/- શ્રીમતી વસુમતીબેન સેવંતીલાલ શાહના સ્મરણાર્થે હસ્તે : શ્રીમતી નયનાબેન કિશોરભાઈ શાહ (ચિતારાની ખડકી )

૧,૦૦,૦૦૦/- શ્રી રમણલાલ શાહ (પ્રદીપકુમાર એન્ડ કું.) ચેરીટેબલ ટ્રસ્ટ (કુંભારીયા પાડો) - મેડીકલ સહાય માટે

**આર્થિક સહાય - સમાજ વિકાસ અને શ્રુતજ્ઞાન પ્રદાન નિધિ કોરપસ ફંડ :**

૨,૫૦,૦૦૦/- શ્રી વિજયકુમાર હીરાલાલ શાહ તથા શ્રીમતી સરલાબેન વિજયકુમાર શાહના વર્ષી તપની મહાન તપસ્યા નિર્વિઘ્ને પૂર્ણ થઈ તે નિમિત્તે ભેટ (કસુંબીયાવાડો)

૧,૦૦,૦૦૦/- આર્થિક સહાય કોરપસ ફંડ

૧,૦૦,૦૦૦/- સમાજ વિકાસ ફંડ(સહાયક દાતા) ( ત્રણ વર્ષના ફાળાના એકી સાથે)

૫૦,૦૦૦/- શ્રુતજ્ઞાન પ્રદાન નિધિ

**મેડીકલ અને શિક્ષણ સહાય કોરપસ ફંડ :**

૧,૦૨,૦૦૦/- શ્રી જયંતીલાલ મણીલાલ પટણી (ગઢડાવાળા)ની ૨૦ મી પૂણ્યતિથિ નિમિત્તે (મનમોહનજીનીશેરી) હસ્તે : શ્રી અભયભાઈ જયંતીલાલ પટણી

૧,૦૨,૦૦૦/- શ્રી શાંતીલાલ નગીનદાસ શાહ શુભ ટ્રસ્ટ હસ્તે : શ્રી જયંતીલાલ શાંતીલાલ શાહ (વખતજીની શેરી)

**શ્રી ભો.દો.સાર્વજનિક વિદ્યાલય નિભાવ ફંડ :**

૧,૨૫,૦૦૦/- શ્રી કીર્તિલાલ સોમચંદ શાહ (કોકાનો પાડો) શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી સ્નેહ સંમેલનમાં જાહેરાત મુજબ)


લગ્ન પ્રસંગે તેમજ નાના મોટા શુભ પ્રસંગોએ ઉત્તમ સર્વિસ સાથે
સંતોષજનક તથા વ્યાજબી ભાવે જમણવાર - કેટરીંગ કરી આપીશું.

**સાગર કેટરર્સ**




**(જૈન આહારના સ્પેશ્યાલીસ્ટ)**

ચન્દ્રમણિ, ૭૮૮, હનુમાન રોડ, વિલેપાર્લે (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૫૭

: 98200 75788(ગણપતભાઈ) : 93222 63603 (પ્રકાશભાઈ)

ઓફિસ : 26117310 / 55731395 + ઘર : 30970445


**વિકલાંગ ઉત્કર્ષ કોરપસ ફંડ :**

૧,૦૦,૦૦૦/- સ્વ.શ્રીમતી ભાનુબેન નવીનચંદ્ર શાહના સ્મરણાર્થે હસ્તે : શ્રી સુધીરભાઈ નવીનચંદ્ર શાહ (મારફતીયા મહેતાનો પાડો)

**શ્રીમતી કમળાબેન પ્રેમચંદ નગીનદાસ તેલીયાવાળા સમુહલગ્ન કોરપસ ફંડ :**

૧,૦૦,૦૦૧/- શ્રી પ્રમોદભાઈ પ્રમચંદભાઈ શાહ (તેલીયાવાળા) (મનમોહનજીની શેરી)

**શ્રીમતી નિર્મળાબેન શાંતીલાલ રીખવચંદ શાહ સ્ત્રી ઉદ્યમ વ્યાવસાયિક તાલીમ ફંડ :**

૭૫,૦૦૦/- શ્રીમતી નયનાબેન દિનેશભાઈ શાહ (કોકાનોપાડો)

**શૈક્ષણિક સહાય કોરપસ ફંડ :**

૫૧,૦૦૦/- શ્રી કુમારપાળ ચંદુલાલ શાહના સ્મરણાર્થે (ચોધરીની શેરી) હસ્તે : શ્રીમતી રાગીણીબેન કુમારપાળ શાહ તથા શ્રી ભાવેશભાઈ કુમારપાળ શાહ

**શ્રી પાટણ જૈન મંડળ નિભાવ ફંડ :**

૫૦,૦૦૦/- શ્રીમતી વિમળાબેન મહાસુખલાલ શાહ હ. : શ્રી હર્ષ પંકજભાઈ શાહ (માર.મહેતાનોપાડો)

**વૃધ્ધજન / આર્થિક અને દવા સહાય ભેટ :**

૧૦,૦૦૦/- શ્રી રમેશભાઈ સનાલાલ શાહ (મલ્લાતનોપાડો) લગ્નની સુવર્ણ જયંતિ નિમિત્તે

**દવા સહાય ભેટ :**

૧૦,૦૦૧/- શ્રી રાજેન્દ્રભાઈ કાંતીલાલ મંગળચંદ શાહ ( ભાભાનો પાડો)

**હેલ્થ કેર સાધન ભેટ :**

૫,૬૫૦/- શ્રી પ્રદીપભાઈ દીપચંદ જૈન

૨,૦૦૦/- શ્રી શુકલા જયસુખભાઈ શાહ

૧,૦૦૦/- શ્રી શૈલેષભાઈ આર. ખરીદીયા

૧,૦૦૦/- શ્રી રવિન્દ્રભાઈ મોહનલાલ શાહ (ખજુરીનોપાડો)

**શિક્ષણ સહાય ભેટ :**

૨,૫૦૧/- શ્રી જયેશભાઈ નાનકચંદ શાહ (કુંભારીયાપાડો) ચિ.નેહજના લગ્ન પ્રસંગે

૨૫૧/- શ્રીમતી સોનલબેન મુકેશભાઈ શાહ (શાંતીનાથની પોળ) ચિ.રોહન પાર્શ્વનાથ કોલેજમાં Mexys-2009 (નેશનલ લેવલ)માં ટ્રોફી મેળવવાની ખુશાલીમાં

## મંડળના સામાન્ય સભાસદો જોગ

શ્રી પાટણ જૈન મંડળના જે સામાન્ય સભાસદોનું ત્રિવાર્ષિક લવાજમ, તા. ૩૧-૩-૨૦૦૯ ના દિને પૂરૂ થયેલ હોઈ, તેઓએ તા. ૧-૪-૨૦૦૯ થી શરૂ થતાં નવા વર્ષ માટેનું **ત્રિવાર્ષિક લવાજમ રૂા.૧૫૦.૦૦ સમયસર ભરવું જરૂરી છે.**

મંડળના મુખ્ય કાર્યાલય ઉપરાંત ગોરેગામ તથા રતનનગર અને પાટણ ખાતેના શાખા કાર્યાલયમાં પણ આપશ્રી આપના લવાજમની રકમ ભરપાઈ કરી શકો છે.

❐ *માનદમંત્રી (એડમીનીસ્ટ્રેશન)*

સુસંસ્કૃત સમાજના સન્નિષ્ઠ સાનિધ્ય થકી,
શિક્ષણ, સ્વાવલંબન અને તબીબી સહાયનો સમન્વય.

શ્રી પાટણ જૈન મંડળ

**સમાજ વિકાસ ફંડ**

એક નૂતન અભિગમ અને અનન્ય અભિયાન

**મુખ્યદાતા**

શ્રી બાબુ પનાલાલ પુનમચંદ ચેરીટેબલ ફંડ, ખજુરીનો પાડો
શ્રી વિરેન્દ્રભાઈ પોપટલાલ શાહ, મલ્લાતનો પાડો
શ્રી સેવંતીલાલ કાંતીલાલ ટ્રસ્ટ, કુંભારીયા પાડો
શ્રીમતી સુભદ્રાબેન રમણલાલ શાહ ચેરીટેબલ ટ્રસ્ટ, કુંભારીયા પાડો
શ્રી મહેશ શાહ ચેરીટેબલ ટ્રસ્ટ, ચૌધરીની શેરી
શ્રી મફતલાલ ચુડઘર ચેરીટેબલ ટ્રસ્ટ, ચૌધરીની શેરી
શ્રીમતી કુસુમબેન રસિકલાલ શાહ, કંક મહેતાનો પાડો
શ્રીમતી વસુમતીબેન સેવંતીલાલ શાહ, ચીતારાની ખડકી
શ્રી શાંતિલાલ રિખવચંદ શાહ, કોકાનો પાડો
શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર માટલીવાળા, હ. દાનેશભાઈ, કનાસાનો પાડો
શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ, કપુર મહેતાનો પાડો
શ્રી નવીનચંદ્ર ખુબચંદ શાહ, ઢંઢેરવાડો

**આધારસ્તંભદાતા**

શ્રી બાબુ સાહેબ નાનકચંદજી પુરણચંદજી ટ્રસ્ટ, ખજુરીનો પાડો
શ્રી બાબુ અમીચંદજી પનાલાલજી ચેરીટેબલ ટ્રસ્ટ, ખેતરવસી
શ્રી નવીનભાઈ નેમચંદભાઈ શાહ ગુંદરવાળા, વાસુપૂજ્યની શેરી
શ્રી રાકેશભાઈ કાંતીલાલ શાહ, સ્વ. ગીતાબેનના સ્મરણાર્થે, ચોપાટી
શ્રી સુધીરભાઈ નવીનચંદ્ર શાહ, મારફતીયા મહેતાનો પાડો
શ્રી બાબુ જીવનલાલ પનાલાલ ટ્રસ્ટ, ખજુરીનો પાડો
શ્રીમતી પુષ્પાબેન સેવંતીલાલ શાહ, કંક મહેતાનો પાડો
શ્રી રાજેન્દ્રભાઈ અંબાલાલ ઝવેરી, કંક મહેતાનો પાડો
શ્રી હિતેનભાઈ ચંપકલાલ વીમાવાળા, ખેતરવસી
શ્રીમતી સુભદ્રાબેન ભોગીલાલ ઝવેરી (સાહેબા), ચૌધરીની શેરી

**સહાયકદાતા**

શ્રી જે.કે. શાહ, ભાભાનો પાડો
ડૉ. જયંતિલાલ મણિલાલ પટણીના સ્મરણાર્થે, મનમોહનજીની શેરી
શ્રી હસમુખલાલ મહાસુખલાલ શાહ, અબજી મહેતાનો પાડો
શ્રી વિજયભાઈ હીરાલાલ શાહ, કસુંબીયાવાડો
શ્રી પ્રદીપભાઈ લક્ષ્મીચંદ શાહ, કોબે-જાપાન

| | વાર્ષિક રકમ |
|---|---|
| મુખ્ય દાતા | રૂા. ૩ લાખથી વધુ |
| આધારસ્તંભદાતા | રૂા.૩ લાખથી ૧ લાખ |
| સહાયકદાતા | રૂા. ૧ લાખથી ૨૫ હજાર |
| શુભેચ્છકદાતા | રૂા. ૨૫ હજારથી ઓછી |


## શ્રી પાટણ જૈન મંડળ
## સમાજ વિકાસ ફંડ

સમાજ પ્રત્યેની ઉત્કૃષ્ટ ભાવના એ જ આનંદની અભિવ્યકિત છે. ઈચ્છાશકિતની સ્વયંભૂ સરિતા વહેવા લાગી છે. વિવિધલક્ષી પ્રવૃત્તિઓનો વેગ, વિકાસ અને વૃષ્ટિની સમૃધ્ધિ થકી સંસ્થાના સંસ્થાપકો, શિલ્પકારો અને હોદ્દેદારો તથા નિઃસ્વાર્થ સેવાભાવી કાર્યકરોની સેવાભાવનાની સુરભિ એક અનન્ય અનુભૂતિ કરાવી રહી છે.

જીવનનું અસ્તિત્વ ટકાવી રાખવા વલખા મારતા માનવીઓને અસ્મિતા જાળવવાનો ઉપદેશ કઈ રીતે આપી શકાય ? જીવનાભિમુખતાને વીસરીને આપણે અન્ય વાતોમાં અટવાઈ જઈએ છીએ. આપણો સમાજ પામર કે પંગુ અને મજબુર કે મોહતાજ ન રહે તે ઈચ્છનીય નથી ? તેમના અસ્તિત્વના રક્ષણની સુબુધ્ધ વ્યવસ્થા કર્યા પછી જ અસ્મિતા જગાડવાના પ્રયત્ન કરી શકાય. આયખુ ઘસાય તે પહેલાં અનેરી સમર્પણ ભાવનાથી પરમાર્થ કરી લેવો જોઈએ.

**સમાજ વિકાસ ફંડમાં મળેલ દાનની રકમમાંથી ૧૦ ટકા રકમ જુની ખાધ પુરી કરવામાં, ૪૦ ટકા રકમ કોરપસ ફંડ ખાતે તથા ૫૦ ટકા રકમ ફંડ દ્વારા નિશ્ચિત કાર્યો માટે ચાલુ વર્ષમાં અથવા દાતાની ઈચ્છા મુજબ વાપરવામાં આવશે. જરૂરિયાતમંદ પરિવારજનોને અમારી નમ્ર વિનંતી છે કે, આપણી જરૂરિયાત માટે ચોકક્સ અને ત્વરિત અમારો સંપર્ક સાધશો. દાનવીરોના અમૂલ્ય દાનની સંસ્થાને સુપેરે જાણ છે. સુપાત્રે સમય તથા સંજોગોને આધીન અને જવાબદારી પૂર્વક પરિણામલક્ષી કાર્યોમાં ઉપયોગ કરવામાં આવશે.**

સમાજ વિકાસ ફંડમાં આપનું યોગદાન યથોચિત, ચિરસ્મરણીય અને અનુકરણીય રહેશે.

## NRI - પટણીનું email ID

દેશ-વિદેશમાં રહેતા પાટણ સમાજના મિત્રો અને પરિવારો એકમેકના સતત સંપર્કમાં રહી માતૃસંસ્થાની પ્રત્યેક ગતિવિધિથી વાકેફ રહે તેવા હેતુસર, શ્રી પાટણ જૈન મંડળ દ્વારા તેઓના **email ID** ની ડેટા બેન્ક બનાવવાની જાહેરાત માર્ચ માસમાં કરવામાં આવેલ, તેના અનુસંધાનમાં સમાજમાંથી કેટલાક પરિવારો દ્વારા **email ID** મોકલવામાં આવેલ છે. પરંતુ હજુ ઘણાં પરિવારોના **email ID** બાકી હોઈ, તેવા પરિવારજનોને વિનંતી કે, આપશ્રીની જાણમાં હોય તેવા દરિયાપાર વસતા પાટણના મિત્રો / પરિવારોના **email ID** અમોને તાત્કાલિક પહોંચતા કરશો તો સંસ્થાકીય માહિતી અને પ્રતિબિંબ **email** દ્વારા સમયસર તેઓને પહોંચાડવામાં સુગમતા પડે. સંસ્થાના **email ID - patanmandal@vsnl.net** ઉપરાંત **email ID - dinesh@mihircooling.com** ના સરનામે પણ મોકલી શકાશે.

❒ શ્રી પાટણ જૈન મંડળ

*Publisher & Printer :* ARVIND JIVABHAI SHAH for SHREE PATAN JAIN MANDAL, *Printed at :* ASHOK PRINTING PRESS, 'Sant - Sakha' 5, Nehru Road, Vile - Parle (East), Mumbai - 400057 & *Published at :* Shree Patan Jain Mandal, 77, Marine Drive, Mumbai-400 020. Editor : SHRI ARVINDBHAI JIVABHAI SHAH RNI Regd. No. MAHGUJ / 2006 / 18379